PCBના વલણથી નારાજ ICCની ગર્ભિત ચીમકી

જો પાકિસ્તાન બાંગ્લાદેશના સમર્થનમાં ખસી જશે તો ICC તેના સ્થાને બાંગ્લાદેશને સામેલ કરી દેશે

પાકિસ્તાન સાથે તે પછી કોઇ દ્વિપક્ષીય સીરિઝ નહીં, PSLમાં વિદેશી ખેલાડી નહીં અને કોઇ ICC ઇવેન્ટમાં તેને સ્થાન નહીં

PCB પર ICC આ ત્રણ પગલાં લાદી શકે

» પાકિસ્તાન સાથે કોઇ દેશની દ્વિપક્ષીય સીરિઝ નહીં
» પાકિસ્તાન પર એશિયા કપમાં ભાગ લેવા પર પ્રતિબંધ
» PSLમાં વિદેશી ખેલાડીઓને રમવા માટે NOC નહીં

દુબઇ, તા. 27 : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા બાંગ્લાદેશના સમર્થનમાં ટી-20 વર્લ્ડકપમાંથી ખસી જવાની જે મોઘમ વાત કરી છે તેને પગલે હવે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલે પણ અડગ વલણ અપનાવીને જો પાકિસ્તાન ટી-20 વર્લ્ડકપનો બહિષ્કાર કરે તો તેની સામે આકરા પગલાં લેવાની ચેતવણી આપી છે.

પીસીબીએ આઇસીસીની ટીકા કરીને કહ્યું કે આ નિર્ણય બેવડા ધોરણોને પ્રતિબિંબિત કરે છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સર્વોચ્ચ સંસ્થા ટીમો માટે અલગ નિયમો રાખી શકતી નથી, જ્યારે ભારતે પાકિસ્તાનમાં આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી મેચ રમવાનો ઇનકાર કર્યો ત્યારે તેમણે ભારતની મેચો પાકિસ્તાનથી શ્રીલંકામાં કેવી રીતે ખસેડી હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. પીસીબીના વડા મોહસીન નકવીએ જણાવ્યું હતું કે ભલે બોર્ડે આ માટે ટીમની જાહેર કરી હોય પણ ભાગીદારી અંગેનો અંતિમ નિર્ણય પીએમ શેહબાઝ શરીફ લેશે. પીસીબીએ માર્કી ઇવેન્ટમાં ભાગ લેવાની પુષ્ટિ કરવાનો ઇનકાર કર્યા પછી આઇસીસી નારાજ થયું છે.

હવે એવા અહેવાલો આવ્યા છે કે આઇસીસીએ પીસીબીને ટી-20 વર્લ્ડકપમાંથી ખસી જવાના ગંભીર પરિણામોથી વાકેફ કર્યું છે. અહેવાલ મુજબ, જો પાકિસ્તાન ખસે તો તેના પર દ્વિપક્ષીય સીરિઝ અને એશિયા કપ અને વર્લ્ડકપ સહિત બહુરાષ્ટ્રીય ઇવેન્ટ્સ રમવા પર પ્રતિબંધ મૂકાશે. આઇસીસી અન્ય બોર્ડને પણ સલાહ આપશે કે તેઓ પાકિસ્તાન સુપર લીગમાં રમવા માટે તેના ખેલાડીઓને એનઓસી આપવાનું બંધ કરે.

સાથે જ જો પાકિસ્તાન ખસી જાય છે, તો આઇસીસી તેમની જગ્યાએ ગ્રુપ એમાં બાંગ્લાદેશને સામેલ કરીને તેની મેચ શ્રીલંકામાં રમાડશે. બીસીબીની મૂળ વિનંતી મુજબ શ્રીલંકામાં તેમની બધી મેચો રમવાની તક આપવામાં આવશે.

બાંગ્લાદેશને સમર્થન પણ પાકિસ્તાન ક્રિકેટના ભોગે નહીં : માજી ખેલાડીઓ

કરાચી, તા. 27 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા આગામી ટી-20 વર્લ્ડકપમાં ભાગ લેવાનો નિર્ણય મુલતવી રાખ્યા પછી, માજી ખેલાડીઓ અને માજી બોર્ડ અધિકારીઓએ સર્વસંમતિથી કહ્યું છે કે બાંગ્લાદેશને ટેકો આપવો ઠીક છે પરંતુ તે રાષ્ટ્રીય ક્રિકેટના ભોગે ન હોવો જોઇએ. પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ પાકિસ્તાનની ભાગીદારી અથવા વર્લ્ડકપમાંથી ખસી જવાની પુષ્ટિ માટે શુક્રવાર અથવા સોમવારની સમયમર્યાદા નક્કી કરી છે, જે પરિસ્થિતિ બાંગ્લાદેશના ટુર્નામેન્ટમાંથી બહાર થયા પછી ઊભી થઇ હતી. પાકિસ્તાનના માજી ટેસ્ટ કેપ્ટન મોહમ્મદ હાફીઝ માને છે કે પીસીબીએ પાકિસ્તાન ટીમને વર્લ્ડકપમાં મોકલવી જોઇએ, જ્યારે પીસીબીના માજી ચેરમેન ખાલિદ મહમૂદ અને ભૂતપૂર્વ સચિવ આરિફ અલી અબ્બાસીને ટીમ ન મોકલવામાં કોઇ તર્ક દેખાતો નથી. અબ્બાસીએ કહ્યું કે હું સમજી શકું છું કે પાકિસ્તાન બાંગ્લાદેશને સમર્થન આપી રહ્યું છે, પરંતુ પીસીબી ટીમ ન મોકલીને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ અને સભ્ય બોર્ડ સાથેના સંબંધો બગાડવા સિવાય શું પ્રાપ્ત કરશે? મહમૂદે કહ્યું કે પીસીબીનું વલણ પ્રશંસનીય છે, પરંતુ તેણે શાણપણ બતાવવું જોઇએ અને પાકિસ્તાન ક્રિકેટના હિતોને કેન્દ્રમાં રાખવું જોઇએ. ભૂતપૂર્વ ટેસ્ટ બેટ્સમેન, ભૂતપૂર્વ મુખ્ય પસંદગીકાર અને મુખ્ય કોચ મોહસીન ખાને પણ પીસીબીને વર્લ્ડકપમાં ટીમ મોકલવાનો આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું, અમને ભારત સાથે સમસ્યાઓ છે, પરંતુ અમે અમારી બધી મેચ શ્રીલંકામાં રમી રહ્યા છીએ. તેણે એમ પણ કહ્યું કે તેણે વાંચ્યું છે કે બાંગ્લાદેશ બોર્ડ આઇસીસીના નિર્ણય સામે અપીલ કે પડકાર કરશે નહીં. તો પછી પીસીબી ક્યા આધારે ટીમને વર્લ્ડકપમાં નહીં મોકલે? તે આપણા ક્રિકેટ માટે હાનિકારક હશે. માજી કેપ્ટન ઇઝ્ઝમામ-ઉલ-હક અને મોહમ્મદ યુસુફે અંતિમ નિર્ણય લેતી વખતે તમામ પાસાઓને ધ્યાનમાં રાખવાની સલાહ આપી હતી.

આજે ચોથી ટી-20, ભારતની નજર સ્પિનરોના સારા પ્રદર્શન પર

સીરિઝમાં 3-0ની અજેય સરસાઇ છતાં ભારત આ મેચમાં કોઇપણ જાતની ઢીલ દાખવવા નહીં માગે

સાંજે સાત વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

વિશાખાપટ્ટનમ, તા. 27 (પીટીઆઇ) : અત્યાર સુધી રમતના દરેક વિભાગમાં પ્રભુત્વ ધરાવતી ભારતીય ટીમ બુધવારે અહીં રમાનારી ન્યુઝીલેન્ડ સામેની ચોથી ટી-20 મેચમાં કોઇ પણ પ્રકારની ઢીલ રાખશે નહીં અને તેને પોતાના સ્પિનરો પાસેથી પણ સારા પ્રદર્શનની અપેક્ષા હશે. અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ અને ઇશાન કિશનના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ભારતે પહેલી ત્રણ મેચ જીતીને સીરિઝ પર કબજો જમાવ્યો. જોકે, તેમના બે મુખ્ય સ્પિનરો, કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી, અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા.

કુલદીપે બે મેચમાં ફક્ત બે વિકેટ લીધી છે અને તે પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયો છે. તેણે પ્રતિ ઓવર 9.5 રન આપ્યા હતા. પાછલી મેચમાં કુલદીપે ત્રણ મોંઘી ઓવર ફેંકી પણ જસપ્રીત બુમરાહ, રવિ બિશ્નોઇ અને હાર્દિક પંડ્યાની ઉત્તમ બોલિંગને કારણે ભારતે કિવી ટીમને નવ વિકેટે 153 રન પર રોકી દીધી હતી.

ભારત ચોથી મેચ માટે બિશ્નોઇને ટીમમાં જાળવી રાખીને કુલદીપને આરામ આપી તેની જગ્યાએ ચક્રવર્તીને પાછો લાવવાનો વિચાર કરશે. ભારત ઓલરાઉન્ડર અક્ષર પટેલની ફિટનેસ પર પણ નજર રાખશે, જે આંગળીની ઇજાને કારણે નાગપુરમાં પ્રથમ મેચથી રમી શક્યો નથી. ભારત આ સીરિઝમાં વર્લ્ડકપ પહેલા બોલિંગ વિભાગમાં પોતાની ટોચ પર પહોંચવા માંગે છે પરંતુ હાલમાં તેઓ બેટિંગમાં અજેય છે. આ સીરિઝમાં ભારતીય બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું છે.

માડિયા એક્રેડિટેશન માટે બાંગ્લાદેશી પત્રકારોએ નવેસરથી ફોર્મ ભરવું પડશે

બાંગ્લાદેશી પત્રકારો માટે ICC દ્વારા અરજી પ્રક્રિયા ફરીથી શરૂ કરાઇ

ટી-20 વર્લ્ડકપ કવર કરવા માટે મીડિયા માન્યતા નકારાઇ હોવાનો બાંગ્લાદેશી પત્રકારોનો દાવો

બાંગ્લાદેશના 80થી 90 પત્રકારોએ મીડિયા એક્રેડિટેશન માગ્યુ, જે કોઇ રીતે પૂર્ણ ન થઇ શકે

આ મામલો અમે ICC સમક્ષ ઉઠાવ્યો છે : BCBની મીડિયા કમિટી અધ્યક્ષ

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની મીડિયા કમિટીના અધ્યક્ષ અમજદ હુસૈને ઢાકામાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમણે આ મામલો આઇસીસી સમક્ષ ઉઠાવ્યો છે. આ નિર્ણય ગઇકાલે જ આવ્યો હતો અને અમે તે જાણવાનો પ્રયાસ કર્યો છે. સમજૂતી માગવામાં આવી છે. આ એક આંતરિક અને ગુપ્ત મામલો છે, પરંતુ ટૂંકમાં, અમે જાણવા માંગીએ છીએ કે આવું કેમ કરવામાં આવ્યું.

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઇ) : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) ભારતમાં ટી-20 વર્લ્ડકપને કવર કરવા ઇચ્છતા બાંગ્લાદેશી પત્રકારો માટે 'મીડિયા એક્રેડિટેશન' પર ફરીથી કામ કરી રહી છે. બાંગ્લાદેશે પાડોશી દેશમાં સુરક્ષાના કારણોસર ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. કેટલાક બાંગ્લાદેશી પત્રકારોએ દાવો કર્યો હતો કે તેમની માન્યતા વિનંતીઓ વિશ્વ સંસ્થા દ્વારા નકારી કાઢવામાં આવી છે, ત્યારબાદ ICC અરજી પ્રક્રિયામાં ફેરફાર કરી રહ્યું છે.

આઇસીસી સૂત્રોએ જણાવ્યું હતું કે વિનંતીઓની સંખ્યા અને સમયપત્રક બદલાયા હોવાથી પ્રક્રિયામાં ફરીથી કામ કરવામાં આવી રહ્યું છે. તે મુજબ માન્યતા યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. બાંગ્લાદેશના લગભગ 80-90 પત્રકારોએ મીડિયા માન્યતા માટે વિનંતી કરી હતી અને સૂત્રોએ જણાવ્યું હતું કે જો તેમની ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહી હોત, તો પણ બધી વિનંતીઓ પૂર્ણ થઇ શકી ન હોત.

સૂત્રએ ઉમેર્યું કે જો તમે દેશના ક્વોટા પર નજર નાખો, તો તમે 40 થી વધુને મંજૂરી આપી શકતા નથી. આઇસીસી સ્થાનિક બોર્ડની ભલામણોનું પાલન કરે છે અને તે મુજબ અરજીઓ પર નિર્ણય લે છે.

અંડર-19 વર્લ્ડકપ : ભારતે ઝિમ્બાબ્વેને હરાવ્યું

વિહાન મલ્હોત્રાના 109 રનની મદદથી ભારતે 353 રન બનાવ્યા ઝિમ્બાબ્વેનો 148 રનમાં વિંટો વળતા ભારતે 204 રનથી મેચ જીતી

બુલાવાયો, તા. 27 : અંડર-19 વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીંના ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી સુપર સિક્સ મેચમાં, વાઇસ કેપ્ટન વિહાન મલ્હોત્રાની નોટઆઉટ સદી અને બોલરોના ઉમદા પ્રદર્શનની મદદથી ભારત અંડર-૧૯ ટીમે ઝિમ્બાબ્વે સામે 204 રનથી શાનદાર જીત મેળવી હતી.

ભારતે મૂકેલા 354 રનના લક્ષ્યાંક સામે ઝિમ્બાબ્વેની ટીમનો 38મી ઓવરમાં 148 રનમાં વિંટો વળી ગયો હતો. આ પહેલા પ્રથમ બેટિંગમાં ઉતારવામાં આવેલી ભારતીય ટીમને વૈભવ સૂર્યવંશીએ 24 બોલમાં વિસ્ફોટક અડધી સદીથી મજબૂત શરૂઆત અપાવી હતી. ઝિમ્બાબ્વેએ તાતેન્ડા ચિમુગોરો દ્વારા મિડલ ઓવરોમાં ઇનિંગ્સને સંપૂર્ણપણે નિયંત્રણ બહાર જતા અટકાવી. જોકે, 11મી ઓવરમાં ભારતનો સ્કોર ત્રણ વિકેટે 101 હતો ત્યારે ડાબોડી બેટ્સમેન વિહાન મલ્હોત્રાએ સ્થિતિ સંભાળી અને અભિજ્ઞાન કુંડુ સાથે 113 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી. કુંડુએ સહાયક ભૂમિકા ભજવી હતી, જ્યારે મલ્હોત્રાએ સંયમ અને સ્પષ્ટતા સાથે બેટિંગ કરી, સ્ટ્રાઇકને કાર્યક્ષમ રીતે ફેરવી હતી. મલ્હોત્રાએ 109 રનની શાનદાર ઇનિંગ રમી, જે શક્તિ કરતાં ધીરજ પર આધારિત હતી, જેના કારણે ભારતે આઠ વિકેટે 353 રનનો સ્કોર બનાવ્યો હતો.

ઓસ્ટ્રેલિયન ઓપન : સબલેન્કા, અલ્કારાઝ, ઝવેરેવ સેમી ફાઇનલમાં

કાર્લોસ અલ્કારેઝ પહેલીવાર ઓસ્ટ્રેલિયન ઓપનની સેમીમાં પ્રવેશ સાથે કેરિયર ગ્રાન્ડસ્લેમ પૂર્ણ કરવાની નજીક

એલિના સ્વિતોલિનાનો સેમીમાં સબાલેન્કા સામે મુકાબલો, તેની સામે હારતા કોકો ગફે રેકેટ પર ગુસ્સો ઠાલવ્યો

મેલબોર્ન, તા. 27 : ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કાએ પોતાનો પ્રભાવશાળી દેખાવ ચાલુ રાખીને મંગળવારે ભારે ગરમીને કારણે છત બંધ રાખીને રમાયેલી મેચમાં 18 વર્ષીય અમેરિકન ઈવા જોવિકને 6-3, 6-0 થી હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ તરફ પુરુષ સિંગલ્સમાં એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને કાર્લોસ અલ્કારેઝે પણ અંતિમ ચારમાં નામ લખાવી દીધું હતું. અલ્કારેઝ અહીં પહેલીવાર સેમીમાં પ્રવેશ્યો છે અને તેની સાથે જ તે કેરિયર ગ્રાન્ડસ્લેમ પૂર્ણ કરવાની નજીક સરક્યો છે.

સેમિફાઇનલમાં સબાલેન્કાનો સામનો યુક્રેનની 12મી ક્રમાંકિત એલિના સ્વિટોલિના સાથે થશે, જેણે 59 મિનિટમાં ત્રીજા ક્રમાંકિત અમેરિકન કોકો ગફને 6-1, 6-2થી હરાવી હતી. ગફે હાર બાદ પોતાનો ગુસ્સો પોતાના રેકેટ પર કાઢ્યો હતો. સ્વિતોલીના આ ટુર્નામેન્ટની સેમી ફાઇનલમાં પહેલી વાર પહોંચી છે.

ત્રીજા ક્રમાંકિત ઝ્વેરેવે બંધ છત નીચે રમવાનો ફાયદો ઉઠાવ્યો અને 20 વર્ષીય ટિએન પર 6-3, 6-7, 6-1, 7-6થી વિજય મેળવીને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો હતો જ્યાં તેનો સામનો વર્લ્ડ નંબર વન ખેલાડી કાર્લોસ અલ્કારેઝ સાથે થશે.

સુડોકુ - 'કૂટિ'

૭					૨	૪	૩	
૫	૧				૭	૯	૨	૮
	૬		૪	૯	૮			
૬		૮	૭		૫			
		૩		૮	૯	૬	૪	
		૫	૬		૧			૨
	૫			૭	૪		૮	૧
૯						૭	૫	
૮				૫			૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૬	૨	૯	૮	૬	૭	૧	૨
૧	૭	૪	૬	૨	૭	૬	૯	૩
૬	૭	૯	૧	૭	૩	૬	૮	૨
૨	૭	૭	૬	૯	૬	૮	૩	૧
૮	૧	૬	૨	૭	૨	૯	૬	૭
૯	૩	૬	૮	૧	૭	૨	૬	૬
૭	૬	૮	૭	૩	૧	૨	૬	૯
૭	૨	૩	૭	૬	૯	૧	૬	૮
૬	૯	૧	૨	૬	૮	૭	૭	૭

૨૬૧૨૬-ઇક્ષુ કૌડિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

એસિડિટી

એસિડિટી માટે પથ્ય ખોરાક છે, વરિયાળી, જીરું, ધાણા, દ્રાક્ષ, આમળા, પેઠા, જવ, મોસંબી, અંજીર, દૂધ, લવિંગ. હુંફાળા પાણીમાં લીંબુ અને મધ ભેળવી લો.

શબ્દગુંફન - ૭૧૫૫

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. ભૂલ, ગફલત, ખામી (૪)
૫. વસ્તુનો ઉપરનો ભાગ (૩)
૭. રામની ભક્તિનો રસ (૪)
૧૦. માવજત, સાચવણી (૩)
૧૨. હકૂમત, જાગીર, દેશી રાજ્ય (૪)
૧૩. મૃત્યુના દેવ (૨)
૧૫. નુકસાન, ઠોકર (૨)
૧૬. સોબત, સાથ (૨)
૧૭. કપાળ, ભાલ (૩)
૧૮. સંસ્કૃતમાં અષ્ટાધ્યાયી વ્યાકરણ રચનાર એક ઋષિ (૩)
૨૦. લૂમખું, ઝૂમખું (૨)
૨૧. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૨૨. મોહ, મેળ, ગુસ્સો (૨)
૨૩. એક કઠોળ (૨)
૨૪. પુત્ર (૩)
૨૭. પહાડ, પર્વત (૩)
૩૦. મીઠું (૨)
૩૨. તપાસનાર (૫)
૩૩. જંગલ પ્રદેશમાં વસતી પ્રજા (૫)

ઊભી ચાવી
૨. શરમાયેલું (૩)
૩. કુદરતી બરફનાં કકડા (૨)
૪. રેશમ, તેજ, દૈવત (૨)
૬. સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ (૫)
૮. ખામી (૨)
૯. નદી (૩)
૧૦. મગધનો રાજા-કંસનો સસરો (૪)
૧૧. રાજનીતિ, સારું વર્તન (૨)
૧૪. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૫. અણબનાવ (૪)
૧૮. ખેતરમાં પાણી પાવું તે (૩)
૧૯. રહેઠાણ (૩)
૨૦. કપડું, વસ્ત્ર (૩)
૨૩. હશે, છો ને (૨)
૨૫. માખણ (૪)
૨૬. ખાવાની એક વાની (૩)
૨૮. રસોડા કે ભંડારનો ઓરડો (૩)
૨૯. શોધ, ભાળ (૩)
૩૧. નદી (૨)



૮૮૮૭ - ઇક્ષુ મ્ક્રૌટિઆર

આજનું પંચાંગ

તા. 28/01/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** મહા
તિથિ: સુદ, દસમ: 16:37,
અયન : ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : મહા: 08
યોગ : બ્રહ્મ **કરણ:** વણિજ
નક્ષત્ર : કૃતિકા-09:28 પછી રોહિણી
રાશિ: વૃષભ (બ.વ.ઉ.)
દિવસ : મિશ્ર-લાલા લજપતરાય જયંતી, ભક્ત પુંડલિક ઉત્સવ
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:25
નવકારસી : 08:07
પારસી વર્ષ : 1395 શેહરેવર માસનો 17મો રોજ
મુસલમાન વર્ષ : 1447, શાબાન માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે:- 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): પ્રતિષ્ઠા વધે તેવા કામ ઓછી મહેનતે થાય. કુટુંબ પરિવારમાં નવા સંબંધો વિકાસ પામે. આરોગ્ય નરમ રહે.

વૃષભ (બ,વ,ઉ,): લોકોને અથવા કામ ધંધાની જગ્યાએ વિરોધનો અનુભવ થાય. વિશ્વાસઘાતથી બચવું. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ,): નવા રોકાણ વગેરેમાં ધીરજ રાખવી. આર્થિક લેવડ-દેવડ ટાળવી. પ્રેમમાં ભેટ સોગાદથી વિશ્વાસ વધે.

કર્ક (ડ,હ,): ઈચ્છિત મુલાકાત થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. આવક વધારવાની યોજના બને.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): વેપાર ધંધામાં નવી યોજના બને. સંપત્તિ બાબતે પ્રગતિ થાય. નોકરીમાં પ્રભાવ વધે. નવા ફેરફારથી રાહત.

કન્યા (પ,ઠ,ણ,): અટકેલાં કામ પાર પડે. પ્રવાસ, પર્યટન, શિક્ષણ, વિદેશ, તીર્થયાત્રાને લગતા કામમાં લાભ થાય.

તુલા (ર,ત,): પડવા-વાગવા-ચોર-લુટારુથી સાવધાન રહેવું. વિશ્વાસઘાતથી બચવું. લોભ લાલચથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન,ય,): ઘરમાં અવર-જવર રહે. ધાર્મિક કાર્ય ક્રમમાં વ્યસ્ત રહેવાનું બને. આવક વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): થાકનો અનુભવ થાય. માનસિક અશાંતિ રહે. સરકારી કામમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

મકર (ખ,જ,): વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. કોઈ ઈન્ટરવ્યુ કે પરીક્ષામાં સફળતા મળે. મિલન-મુલાકાત થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): નવા ઘરની યોજનામાં વડીલોનો સાથ મળે. બહારના કામમાં મદદ મળે. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): અચાનક પ્રવાસમાં મિલન મુલાકાત થાય. નોકરીમાં પ્રમોશન મળે. માન વધે. ઈર્ષાળુથી સાવધાન.

કોઈ પણ સાલમાં 28 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર દોડધામ, ચડતી-પડતીની સાથે નવી તકો અને ટેકનોલોજીનો પણ લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં યસ મળે. પરિવારની અપેક્ષાઓ મહેનત વધારશે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉદ્યરાણી અને આરોગ્ય બાબતે ચડતી-પડતી રહે. નવા રોકાણમાં સલાહ લેવી નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબનો અનુભવ વધશે. નવો નોકરી-ધંધા-વેપારની તક મળે. જો કે હિત-શત્રુ-વિરોધી અને હરીફો વિઘ્નો પેદા કરશે. વારસા, જાયદાદ જમીન જેવા કામમાં વિલંબ થાય. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ અને રવિ-સોમવાર તથા 1,10,28 તારીખ શુભ કહેવાય. નવેમ્બર-ડિસેમ્બર તેમજ 7, 16, 25 તારીખ શનિ-શુક્રવાર ટાળવો. કાળા રંગનો ઉપયોગ કરવો નહી. સોનેરી, કથઈ ઓછો ભૂરો રંગ વાપરવો.

માજી ભારતીય બેટ્સમેન જેકબ માર્ટિનની ડ્રિંક એન્ડ ડ્રાઇવ કેસમાં ધરપકડ

વડોદરા, તા. 27 : દારૂ પીધેલી હાલતમાં અકસ્માત સર્જવા બદલ માજી ભારતીય ક્રિકેટર જેકબ માર્ટિનની ધરપકડ કરવામાં આવી હતી. આ અકસ્માત 26 જાન્યુઆરીની મોડી રાત્રે થયો હતો. માર્ટિન અકોટા વિસ્તારમાં પુનીત નગર સોસાયટી નજીક ગાડી ચલાવી રહ્યો હતો ત્યારે, ખૂબ જ નશાની હાલતમાં, તેણે પોતાની કાર પરનો કાબુ ગુમાવ્યો અને રસ્તાની બાજુમાં પાર્ક કરેલી ત્રણ કાર સાથે અથડાતા આ ત્રણેય કારને ખાસ્સુ નુકશાન થયું હતું. અકસ્માતનો અવાજ સાંભળીને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને પોલીસને જાણ કરી. અકોટા પોલીસ તાત્કાલિક પહોંચી, અને તપાસમાં પુષ્ટિ મળી કે માર્ટિન જવાબદાર હતો.

T20 વર્લ્ડકપ માટે સ્કોટલેન્ડે અફઘાન મૂળના ઇહસાનને સમાવ્યો

2024 ટી-20 વર્લ્ડકપ રમેલી ટીમના 11 ખેલાડીઓને ટીમમાં સમાવાયા, રિચી બેરિંગ્ટન કેપ્ટન

સ્કોટલેન્ડની ટીમને સમયસર વિઝા મળવાની આશા

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઇ) : ક્રિકેટ સ્કોટલેન્ડના ચીફ એક્ઝિક્યુટિવ ટ્રુડી લિન્ડબ્લાડને વિશ્વાસ છે કે તેમની રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓને ટી-20 વર્લ્ડકપ માટે ભારતની મુસાફરી માટે સમયસર વિઝા મળી જશે. સ્કોટલેન્ડ સાતમી ફેબ્રુઆરીએ કોલકાતામાં વેસ્ટ ઇન્ડિઝ સામેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. સ્કોટલેન્ડની ટીમમાં પાકિસ્તાનમાં જન્મેલા ફાસ્ટ બોલર સફ્યાન શરીફનો પણ સમાવેશ થાય છે. ભારતીય વિઝા માટે અરજી કરનારા પાકિસ્તાની મૂળના અરજદારોની વધુ કડક ચકાસણી કરવામાં આવે છે, જેના પરિણામે પ્રક્રિયામાં લાંબો સમય લાગે છે.

એડિનબર્ગ, તા. 27 (પીટીઆઇ) : બાંગ્લાદેશ બહાર થયા પછી છેલ્લી ઘડીએ ટી20 વર્લ્ડકપમાં પ્રવેશ કરનાર સ્કોટલેન્ડે ભારત અને શ્રીલંકાના સંયુક્ત યજમાનીમાં સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારી આઇસીસી ટૂર્નામેન્ટ માટે અફઘાનિસ્તાનમાં જન્મેલા ફાસ્ટ બોલર ઝૈનુલ્લાહ ઇહસાનને તેમની 15 સભ્યોની ટીમમાં સામેલ કર્યો છે. રિચી બેરિંગ્ટન સ્કોટલેન્ડની ટીમનું નેતૃત્વ કરશે જેમાં વેસ્ટ ઇન્ડિઝ અને અમેરિકામાં 2024 ટી-20 વર્લ્ડકપ ટીમનો ભાગ રહેલા 11 ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ઇહસાન એકમાત્ર ખેલાડી છે જેને પહેલી વાર ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. આ ફાસ્ટ બોલર તાજેતરમાં જ સ્કોટલેન્ડ માટે રમવા માટે ક્વોલિફાય થયો છે.

ટી-20 વર્લ્ડકપ માટે સ્કોટલેન્ડની ટીમ : રિચી બેરિંગ્ટન (કેપ્ટન), ટોમ બ્રુસ, મેથ્યુ ક્રોસ, બ્રેડલી કરી, ઓલિવર ડેવિડસન, ક્રિસ ગ્રીવ્સ, ઝૈનુલ્લાહ ઇહસાન, માઇકલ જોન્સ, માઇકલ લીસ્ક, ફિનલે મેકક્રિથ, બ્રેન્ડન મેકમુલન, જ્યોર્જ મુન્સી, સફ્યાન શરીફ, માર્ક વોટ, બ્રેડલી વ્હીલ.

ટ્રાવેલિંગ રિઝર્વ : જેસ્પર ડેવિડસન, જેક જાર્વિસ.

નોન ટ્રાવેલિંગ રિઝર્વ: મેકેન્ઝી જોન્સ, ક્રિસ મેકબ્રાઇડ, ચાર્લી ટીચર.

સ્કિવર બ્રન્ટે WPLની પ્રથમ સદી ફટકારી

વડોદરા, તા. 26 : ઈંગ્લેન્ડની ઓલરાઉન્ડર નતાલી સ્કિવર બ્રન્ટે નોટઆઉટ 100 રન કરવાની સાથે જ મહિલા પ્રીમિયર લીગ (WPL)ના ઇતિહાસની પ્રથમ સદી ફટકારી હતી અને તેની આ સદીના કારણે મુંબઈ ઈન્ડિયન્સે સોમવારે અહીં એક મહત્વપૂર્ણ મેચમાં ઋચા ઘોષની 90 રનની ઈનિંગ છતાં RCB સામે 15 રનથી વિજય મેળવ્યો. આ આરસીબીનો સતત બીજો પરાજય હતો, પરંતુ તેઓ 10 પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે. પ્લેઓફની દોડમાં ટકી રહેવા માટે જીતની જરૂર ધરાવતી મુંબઈ ઈન્ડિ